Seat No. : _______________

# NS-109

**December-2015**

**B.A., Sem.-I**

**Elective (EC-I) 104 : Gujarati**

**ઝેર તો પીધાં છે જાણી જાણી**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) મુદ્દાસર લખાણ અપેક્ષિત છે.

1. નવલકથા સાહિત્યસ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો વિગતે સમજાવો. **14**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનો ઉદ્‌ભવ અને વિકાસ તમારા શબ્દોમાં આલેખો.

2. નવલકથાના સ્વરૂપ લક્ષણોને ધ્યાનમાં રાખીને દર્શક કૃત 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

" 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 એ પ્રણયકથા નિમિત્તે સંસ્કૃતિકથા છે." – આ વિધાનને ચર્ચો.

3. કોઈપણ **બે** વિશે નોંધ લખો : **14**

(1) ગોપાળબાપાના મૃત્યુનો પ્રસંગ

(2) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 નવલકથાની ગદ્યશૈલી

(3) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 શીર્ષકની યથાર્થતા

(4) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1માં દર્શકની વર્ણનકલા

4. (અ) કહેવતનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે **ત્રણ**) **3**

(1) અક્કરમીનો પડિયો કાણો

(2) કૂવામાં હોય તો હવાડામાં આવે

(3) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા

(4) જશ ઉપર જૂતિયાં

(બ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે **ત્રણ**) **3**

(1) આભ તૂટી પડવું

(2) કૂવો-હવાડો કરવો

(3) જીવ ચકડોળે ચઢવો

(4) નાહવા-નિચોવવાનું ન હોવું

(ક) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : (ગમે તે **ત્રણ**) **3**

(1) આંખનો પલકારો

(2) સમુદાયનું નેતૃત્વ કરનાર

(3) ખોટું કામ કર્યાની લાગણી

(4) જુદી જુદી જાતિઓના વંશનો અભ્યાસી

(ડ) તમારા વિસ્તારમાં મચ્છરોના કારણે જીવલેણ રોગ ફેલાયા છે તેને કાબૂમાં લેવા માટે સંબંધિત અધિકારીને ફરિયાદ કરતો પત્ર લખો. **5**

**અથવા**

તમારા ગામમાં બસ અનિયમિત આવે છે જેના કારણે તમે કોલેજ સમયસર આવી શકતા નથી તે અંગે સંબંધિત અધિકારીને પત્ર લખો.

5. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) 'દર્શક'નું મૂળ નામ _______ છે.

(a) મનુભાઈ પંચોલી (b) રાજારામ પંચોલી

(c) આત્મારામ પંચોલી (d) કનુભાઈ પંચોલી

(2) 'દર્શક'નો જન્મ ઈ.સ. _________માં થયો.

(a) 1914 (b) 1915

(c) 1916 (d) 1917

(3) 'દર્શક'ના પત્નીનું નામ ________ હતું.

(a) દર્શના બહેન (b) ઈન્દુ બહેન

(c) નાથી બહેન (d) વિજ્યા બહેન

(4) ઈ.સ. 1934માં 'દર્શક' ________ સંસ્થામાં જોડાયા.

(a) ગુજરાત વિદ્યાપીઠ (b) ગુજરાત વિદ્યાસભા

(c) ગુજરાતી સાહિત્ય પરિષદ (d) દક્ષિણામૂર્તિ

(5) ઈ.સ. 1964માં દર્શકને _______ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો.

(a) નર્મદ (b) પ્રેમાનંદ

(c) રણજિતરામ (d) ગુજરાત ગરિમા

(6) નીચેનામાંથી ________એ દર્શકની નવલકથા છે.

(a) કુરુક્ષેત્ર (b) પરિત્રાણ

(c) બે વિચારધારા (d) કાવ્યાનંદ

(7) દર્શક રચિત 'વાગીશ્વરનાં કર્ણફૂલો' કૃતિનું સાહિત્યસ્વરૂપ ________ છે.

(a) નવલકથા (b) નવલિકા

(c) નિબંધ (d) વિવેચન

(8) દર્શક પાસેથી ________ નામે જેલ સાહિત્ય વિષયક કૃતિ મળે છે.

(a) અઢારસો સત્તાવન (b) બંદીઘર

(c) દીપનિર્વાણ (d) મંગલકથાઓ

(9) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 નવલકથા ________ પ્રકરણોમાં વિભાજિત છે.

(a) ત્રણ (b) ચાર

(c) પાંચ (d) છ

(10) ગોપાળબાપાના ગુરુનું નામ _______ હતું.

(a) ધીરો ભગત (b) કાઠી ભગત

(c) માંડણ ભગત (d) ભોજો ભગત

(11) ગાયકવાડ તરફથી ગોપાળબાપાને _______ એકર જમીન ભેટમાં મળી હતી.

(a) 50 (b) 100

(c) 150 (d) 200

(12) હેમંતને ________નો રોગ થયો હતો.

(a) ટાઈફૉઈડ (b) ક્ષય

(c) કમળો (d) કેન્સર

(13) પંડિત કેશવદાસની બેગમાંથી રોહિણીને _______ મળ્યું.

(a) પત્ર (b) નોંધપોથી

(c) પુસ્તક (d) મોબાઈલ

(14) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1 નવલકથાના આરંભમાં _______ નદીનો ઉલ્લેખ આવે છે.

(a) નર્મદા (b) શિંગોડા

(c) વિશ્વામિત્રી (d) સાબરમતી